log in facebook kamalamdailygandhinagar

Friday
02.10.2020
✳Volume :5 ✳ Issue No. 46
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :06✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સવારે ૧૦ વાગે રોહતાંગમાં અટલ ટનલનું ઉદ્‌ઘાટન કરશે




કમલમ દૈનિક,

અટલ ટનલ દુનિયામાં સૌથી લાંબી હાઈવે ટનલ છે. ૯.૦૨ કિલોમીટરની લંબાઈ ધરાવતી આ ટનલ મનાલીને આખું વર્ષ લાહૌલ-સ્પિતિ ઘાટી સાથે જોડી રાખશે. અગાઉ આ ઘાટી ભારે હિમવર્ષાને કારણે દર વર્ષે આશરે ૬ મહિના સુધી દેશના બાકીના વિસ્તારોથી સંપર્કવિહોણી થઈ જતી હતી કે વિખૂટી પડી જતી હતી. આ ટનલનું નિર્માણ હિમાલયની પીરપંજાલ પર્વતમાળામાં અત્યાધુનિક ખાસિયતો સાથે થયું છે, જે દરિયાની સરેરાશ સપાટી (એમએસએલ)થી ૩,૦૦૦ મીટર (૧૦,૦૦૦ ફીટ)ની ઊંચાઈ પર સ્થિત છે. આ ટનલથી મનાલી અને લેહ વચ્ચે ૪૬ કિલોમીટરનું અંતર ઘટશે તથા પ્રવાસનો સમય આશરે ૪થી ૫ કલાક ઓછો થઈ જશે. જ્યારે અટલ ટનલની સાઉથ પોર્ટલ (એસપી) ૩૦૬૦ મીટરની ઊંચાઈ પર મનાલીથી ૨૬ કિલોમીટરના અંતરે સ્થિત છે, ત્યારે નોર્થ પોર્ટલ (એનપી) ૩૦૭૧ મીટરની ઊંચાઈ પર લાહૌલ ઘાટીમાં સિસ્સુમાં તેલિંગ ગામ નજીક સ્થિત છે. આ ટનલ ઘોડાના પગની નાળ જેવો આકાર ધરાવે છે. આ સિંગલ ટ્યુબ ડબલ લેન ટનલ ૮ મીટરનો માર્ગ ધરાવે છે. એ ૫.૫૨૫ મીટરનું ઓવરહેડ ક્લીઅરન્સ ધરાવે છે. આ ટનલ ૧૦.૫ મીટર પહોળી અને ઈમરજન્સી કે કટોકટીની સ્થિતિમાં ૩.૬ ટ ૨.૨૫ મીટરનો નીકળવાનો માર્ગ ધરાવે છે, જે મુખ્ય ટનલની અંદર જ બનાવવામાં આવ્યો છે. અટલ ટનલમાંથી કલાકદીઠ મહત્તમ ૮૦ કિલોમીટરની ઝડપે દરરોજ ૩૦૦૦ કાર અને ૧૫૦૦ ટ્રક પસાર થઈ શકશે. આ ટનલ અત્યાધુનિક ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમ ધરાવે છે, જેમાં સેમી ટ્રાન્સવર્સ વેન્ટિલેશન સિસ્ટમ, SCADA કન્ટ્રોલ ફાયરફાઈટિંગ, ઈલ્યુમિનેશન અને મોનિટરિંગ સિસ્ટમ સામેલ છે. રોહતાંગ પાસ નીચે વ્યૂહાત્મક ટનલ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય ૦૩ જૂન, ૨૦૦૦ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીએ લીધો હતો. ત્યારબાદ ટનલના સાઉથ પોર્ટલને જોડતા એક્સેસ રોડ માટે શિલારોપણ ૨૬ મે, ૨૦૦૨ના રોજ થયું હતું. સરહદ માર્ગ સંસ્થા (બીઆરઓ)એ મુખ્ય ભૂસ્તરીય, ભૌગોલિક અને હવામાન સંબંધિત પડકારોનો સફળતાપૂર્વક સામનો કરીને આ ટનલનું નિર્માણ કરવા માટે રાતદિવસ કામ કર્યું હતું. આ પડકારોમાં મુખ્ય પડકાર ૫૮૭ મીટરની લંબાઈ ધરાવતો સેરી નાલાહ ફોલ્ટ ઝોન હતો. બંને છેડે સફળતા ૧૫ ઓકટોબર, ૨૦૧૭ના રોજ મળી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ૨૪ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી, જેમાં રોહતાંગ ટનલને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીના દેશના વિકાસમાં આપેલા પ્રદાનને બિરદાવવા માટે અટલ ટનલ નામ આપવાનો નિર્ણય લીધો હતો. મનાલીમાં સાઉથ પોર્ટલ પર અટલ ટનલના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહ્યાં પછી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી લાહૌલ સ્પિતિ અને સોલાંગ ઘાટીમાં જાહેર કાર્યક્રમોમાં સહભાગી થશે.

### ટનલ એની અંદર સલામતીની પુષ્કળ સુવિધાઓ ધરાવે છે. સલામતીની કેટલીક ખાસિયતો આ મુજબ છે

(a) બંને પોર્ટલ કે છેડા પર ટનલમાં પ્રવેશ પર બેરીયર.
(b) ઈમરજન્સી કમ્યુનિકેશન (કટોકટીમાં સંપર્ક સાધવા) દર ૧૫૦ મીટર પર ટેલીફોન જોડાણ.
(c) દર ૬૦ મીટરે ફાયર હાઈડ્રન્ટ મિકેનિઝમ.
(d) દર ૨૫૦ મીટર પર સીસીટીવી કેમેરાઓ સાથે ઓટો ઈન્સિડેન્ટ ડિટેક્શન સિસ્ટમ.
(e) દર ૧ કિલોમીટર પર એર ક્વોલિટી મોનિટરિંગ.
(f) દર ૨૫ મિનિટે બહાર નીકળવા માટે લાઈટિંગ/એક્ઝિટ સાઈન.
(g) ટનલમાંથી પ્રસારણની વ્યવસ્થા.
(h) દર ૫૦ મીટર પર ફાયર રેટેડ ડેમ્પર્સ.
(i) દર ૬૦ મીટર પર કેમેરા.



# સિલ્વર લેક રિલાયન્સ રિટેલમાં ૩.૧૮૭૫ કરોડનું વધારાનું રોકાણ કરશે




કમલમ દૈનિક, મુંબઈ,તા.૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ જાણકારી આપી છે કે પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિલ્વર લેકના સહ-રોકાણકાર રિટેલ યૂનિટમાં ૧૮૭૫ કરોડ રૂપિયાનું વધારાનું રોકાણ કરશે. ત્યારબાદ રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડમાં સિલ્વર લેક તથા તેના સહ-રોકાણકારો દ્વારા કુલ રોકાણ ૯,૩૭૫ કરોડ રૂપિયા પહોંચી ગયું છે. ઈઈફન્માં સિલ્વર લેકની કુલ હિસ્સેદારી હવે ૨.૧૩ ટકા થઈ ગઈ છે. રિલાયન્સ રિટેલમાં આ રોકાણ ૩૦ સપ્ટેમ્બરે બીજું અને ગત સપ્તાહનું ચોથું રોકાણ છે. રિલાયન્સ દ્વારા સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં આપવામાં આવેલી જાણકારી મુજબ રિલાયન્સ રિટેલની પ્રી-મની ઈક્વિટી વેલ્યૂ લગભગ ૪.૨૮૫ લાખ કરોડ રૂપિયાની છે.

આ ડીલ પર RILના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ કહ્યું કે, તમામ ભારતીયોને લાભ પહોંચાડાનરા ઈન્ડિયન રિટેલ સેક્ટર માટે સિલ્વર લેક તથા તેના સહ-રોકાણકારો વેલ્યૂડ પાર્ટનર્સ છે. અમને તેમના વિશ્વાસ અને સહારો મળવા પર ખુશી છે. અમે ગ્લોબલ ટેક્નોલોજી ઈન્વેસ્ટિંગ અને રિટેલ વેલ્યૂએશનમાં તેમની લીડરશીપનો લાભ મળી શકશે. સિલ્વર લેક દ્વારા વધારાનું રોકાણ ભારતીય રિટેલ સેકટરમાં શક્યતાઓ અને રિલાયન્સ રિટેલની ક્ષમતાને પ્રદર્શિત કરે છે.

ગત થોડાક સપ્તાહમાં વિદેશી રોકાણકારોથી ફંડ એકત્ર કરવામાં રિલાયન્સ રિટેલને મોટી સફળતા મળી છે. દેશની સૌથી મોટી રિટેલ કંપનીએ કુલ ૧૩,૦૫૦ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ ફંડ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિલ્વર લેક પાર્ટનર્સ અને અમેરિકન ફર્મ KKR & Coથી આવ્યું છે. આ બંને કંપનીઓએ રિલાયન્સ રિટેલમાં ક્રમશઃ ૨.૧૩ ટકા અને ૧.૨૮ ટકાની હિસ્સેદારી ખરીદી છે. ૩૦ સપ્ટેમ્બરે જ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ જનરલ અટલાન્ટિક એ કહ્યું હતું કે તેઓ રિલાયન્સ રિટેલમાં ૦.૮૪ ટકા હિસ્સેદારી માટે ૩,૬૭૫ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

# જીએસટી વાર્ષિક રિટર્નની મુદત ૩૧ ઓક્ટોબર સુધી લંબાવાઈ




કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,તા.૧

સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જીએસટી રિટર્ન અને ઑડિટ રિપોર્ટની મુદત એક મહિનો લંબાવીને ૩૧ ઑક્ટોબર સુધીની કરવાની જાહેરાત કરી હોવાનું સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સિસ-સીબીડીટી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. આચારસંહિતાને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ પાસે જરૂરી ક્લિયરન્સ મેળવ્યા બાદ સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જીએસટીઆર-૯ અને જીએસટીઆર ૯સીની મુદત ૩૦-૦૯-૨૦૨૦થી લંબાવીને ૩૧-૧૦-૨૦૨૦ કરી છે, એમ સીબીડીટીએ જણાવ્યું હતું. મે મહિનામાં સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના વાર્ષિક જીએસટી રિટર્ન ફાઈલ કરવાની મુદત ત્રણ મહિના લંબાવીને ૩૦-૦૯-૨૦૨૦ સુધીની કરી હતી. જીએસટી હેઠળ નોંધાયેલા કરદાતાઓએ જ જીએસટીઆર-૯ વાર્ષિક રિટર્ન ફાઈલ કરવાનું રહે છે.

# આંતરરાષ્ટ્રીય વિમાન સેવા પર ૩૧ ઓક્ટોબર સુધી રહેશે પ્રતિબંધ



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય કોમર્શિયલ વિમાની સેવાઓ પરનો પ્રતિબંધ ૩૧ ઓકટોબર સુધી વધારવામાં આવ્યો છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકએ આ માહિતી આપી હતી. હ્રુઝ્રછ્રએ જણાવ્યું કે, કોરોના મહામારીને કારણે આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સ પરનો પ્રતિબંધ ૩૧ ઓકટોબર સુધી લંબાવવામાં આવ્યો છે. અગાઉ, ૩૦ સપ્ટેમ્બર સુધી નિયમિત આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

DGCAએ સ્પષ્ટ કર્યું છે કે કાર્ગો ફલાઈટ્સને પ્રતિબંધમાં છૂટ આપવામાં આવશે. ઉપરાંત, કેટલાંક રૂટ્સ પર વિશેષ વ્યવસ્થા સાથે નિયમિત આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સને મંજૂરી આપવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે દ્વિપક્ષીય કરારો હેઠળ કેટલાંક દેશો સાથે 'એર બબલ' વ્યવસ્થા હેઠળ ફલાઈટ્સને મંજૂરી આપવામાં આવી છે. સાથે જ, 'વંદે ભારત મિશન' અંતર્ગત આંતરરાષ્ટ્રીય ફલાઈટ પણ કાર્યરત કરવામાં આવી શકે છે.

દેશમાં આંતરરાષ્ટ્રીય ફલાઈટનું નિયમિત કામગીરી ૨૨ માર્ચથી બંધ છે. લોકડાઉન દરમિયાન, ૨૫ માર્ચથી તમામ ડોમેસ્ટિક ફલાઈટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બે મહિના બાદ ૨૫ મેના રોજથી નિયમિત ડોમેસ્ટિક ફલાઈટ્સનું સંચાલન શરૂ થઈ ગયું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સ પર પ્રતિબંધ ચાલુ રાખવામાં આવ્યો છે.

# દેશમાં ઘણા રાજયોમાં પહેલેથી જ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ખેતી થાય છે –સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ



- દેશ અને રાજ્યનો ખેડૂત બંધનો માંથી મુક્ત થયો છે
- એમ.એસ.પી. નો કાયદો પહેલેથી છે જેથી તેને ફરી બનાવી ન શકાય
- ખેડૂત પોતાનો ઉત્પાદિત ખેતી પાક ગમે ત્યાં વેચવા સક્ષમઃ નિયંત્રિત બજારમાંથી મુક્ત
- કૃષિ બિલોથી ખેડૂતોને રક્ષણ મળશે

કમલમ દૈનિક, આણંદ

ભારત સરકાર દ્વારા દેશના ખેડૂતોના હિતમાં તાજેતરમાં ત્રણ કૃષિબિલો પાસ કરી કાયદાનું સ્વરૂપ આપી ખેડૂતોને અનેક પ્રકારના બંધનો માંથી મુક્ત કરીને ખેડૂતો પોતાનો ખેતીનો પાક દેશભરમાં કોઈપણ જગ્યાએ વેચીને સારી આવક મેળવી શકે તે માટે કરાયેલી જોગવાઈઓ સામે ખેડૂતોને આ બીલોઆ કાયદો કેટલો ફાયદાકારક છે. તેની સમજણ આપવા આણંદના સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે એક પત્રકાર પરિષદમાં વિસ્તૃત સમજણ આપતાં જણાવ્યું હતું. સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાની જે વાત કરી હતી તેના અનુસંધાનમાં ભારત સરકાર દ્વારા કૃષિ બિલમાં ખેડૂતના હિત લક્ષી ત્રણ ફેરફાર કરવામાં આવ્યાં છે. તેમ કહ્યું હતું. સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે કૃષિ સુધારા બિલ આવવાથી ખેડૂત પોતાનો માલ દેશનાં કોઈ પણ ખૂણે વેચી શકશે જેના કારણે વચેટીયાઓ નાબૂદ થશે અને તેનો સીધો લાભ ખેડૂતોને મળશે જેના કારણે તેમનાં પાકનો ભાવ પણ વધુ મળશે તેમ જણાવી રાજ્યોમાં એ.પી.એમ.સી છે તે ચાલુ જ રહેશે અને એ.પી.એમ.સી માં ટેકાના ભાવે ખેડૂતોના પાકની ખરીદીની વ્યવસ્થા પણ ચાલુ જ રહેશે સાથો સાથ છેલ્લા ૬ વર્ષથી આ ટેકાના ભાવોમાં પણ સરકાર દ્વારા વધારો કરવામાં આવ્યો છે તેમ ઉમેર્યું હતું. શ્રી મિતેષભાઈ પટેલે કૃષિ બિલ અંગે ખેડૂતોમાં એવી પણ ગેર સમજ ફેલાઈ રહી છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંગે એમ.ઓ.યુ થવાથી તેમની જમીન પર તેમનો હક નહીં રહે પરંતુ હકીકત એ છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ થવાથી ખેડૂતોને અગાઉથી જ તેમના પાકનું કેટલું વેતન ચુકવવામાં આવશે તેનો ખ્યાલ આવશે જેથી તેને વધુ પાક પકવવામાં પ્રોત્સાહન મળશે તેમ ઉમેર્યું હતું. સાંસદશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના ઉદ્દેશને સાકાર કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ સાત પગલાં ખેડૂત કલ્યાણની યોજના અમલી બનાવીને તે દિશામાં એક ડગલું માંડયું છે. જેનાથી ખેડૂતોને પોતાના ખેતરમાં પાક સંગ્રહ સ્ટ્રકચર અને વેચાણ માટે વાહન ખરીદવામાં સહાય મળી રહી છે તેમ જણાવ્યું હતું. આણંદના સાંસદશ્રીએ આ બિલ અમલમાં આવતા ખેડૂતો પોતાનો માલ પોતાની મરજી મુજબ વેચી શકશે એટલે કે વચેટિયા નાબૂદ થશે અને તેનો સીધો જ આર્થિક ફાયદો ખેડૂતોને મળશે. ખેડૂત પોતાનો ઉત્પાદન દેશના કોઈ પણ ખૂણે વેચી શકશે અને તે પણ વગર વચેરિયાથી વેચી શકશે. દેશમાં ૮૬ ટકા ખેડૂતો બે એકરથી ઓછી જમીન ધરાવે છે જેથી આ બિલથી તેઓને સીધો જ ફાયદો થશે. તેમ વધુમાં જણાવ્યું છે. સાંસદશ્રીએ કેન્દ્ર સરકાર મોટા કોર્પોરેટ સાથે કરાર આધારીત કરીને ખેતી ખતમ કરી નાખશે જેની હકીકત એવી છે કે અનેક દાયકાઓથી અનેક રાજ્યો કરાર આધારિત ખેતી લાગુ કરાઈ છે. જેમકે પશ્ચિમ બંગાળમાં પેપ્સીકો અને હરિયાણામાં સબ મીલર. અગાઉની સરકારે કરાર આધારિત ખેતીને પ્રોત્સાહન આપ્યું અને રાજ્યોને તે લાગુ કરવા માટે રાજી કર્યા હતા. આ બિલથી કરાર માત્ર ઉપજ પર જ લાગુ રહેશે જમીન પર માલિક અને ખેડૂતોનો જ અધિકાર રહેશે તેમ ઉમેર્યું હતું. સાંસદશ્રીએ આ બિલ ખેડૂતોને ટેકાના ભાવની સુરક્ષાથી વંચિત રાખવાનું ષડયંત્ર છે એવી વાતો સામે હકીકત એવી છે કે આ બિલ ટેકાના ભાવને જરા પણ પ્રભાવિત નથી કરતું તથા ટેકાના ભાવ પ્રમાણે ખરીદીની વ્યવસ્થા યથાવત રહેશે ખેડૂતોને વધુ સારા ભાવ મળે તે માટે એ.પી.એમ.સી બહાર વધારાની વ્યાપારિક તકો ઉભી કરવામાં આવશે તેમ વધુમાં ઉમેર્યું હતું.

# વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લેવામાં આવ્યા વાહકજન્ય રોગ અટકાયતી પગલાં





કમલમ દૈનિક, વડોદરા

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં કોરોનાની વિકટ પરિસ્થિતિમાં વાહકજન્ય રોગ જેવા કે મલેરિયા, ડેન્ગ્યુ, ચિકન ગુનિયા જેવી બીમારીઓનો ફેલાવો ન થાય તે માટે વડોદરા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ વિવિધ રોગ અટકાયતી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ચોમાસાની ઋતુમાં મચ્છરથી ફેલાતી બીમારીઓ અટકાવવા કોરોનાની હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીની સાથે જ પોરાનાશક કામગીરી પણ કરવામાં આવી છે. સર્વેલન્સ દરમિયાન તાવના કેસ મળે તો તેઓના લોહીનો નમૂનો લઈ તાત્કાલિક સ્થળ ઉપર તપાસ કરી વાહકજન્ય બીમારીઓ ના ફેલાય તે માટે નિદાન કરી સારવાર આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ધન્વંતરી રથની કામગીરીમાં પણ તાવના તમામ કેસોના લોહીના નમૂના લઈ તપાસ કરવામાં આવી રહી છે. વધુમાં મચ્છરનો ઉપદ્રવ વધે નહીં તે માટે વિવિધ ગામો તથા નગરપાલિકાની હદમાં આવેલા જળાશયોમાં પોરાભક્ષક માછલીઓ છોડવામાં આવી રહી છે. હાલમાં જિલ્લાના ૫૭૭ જળાશયો પૈકી ૪૮૯ જળાશયોમાં પોરાભક્ષક માછલીઓ નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આગામી સપ્તાહમાં બાકીના જળાશયોમાં ઉક્ત કામગીરી પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, એક પોરાભક્ષક માછલી (ગમ્બુશિયા ફિશ) એક દિવસમાં આશરે ૨૦૦-૨૫૦ પોરાનું ભક્ષણ કરે છે. જે મચ્છરની ઉત્પતિ અટકાવવાનો/ પ્રદુષણ મુક્ત કુદરતી ઉપાય છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદયકુમાર ટીલાવતના જણાવ્યા મુજબ, વડોદરાના ગ્રામ્ય વિસ્તારમાં આ વર્ષે ગત વર્ષની સાપેક્ષમાં મલેરિયા/ડેન્ગ્યુ/ચિકન ગુનિયા જેવા કે વાહકજન્ય રોગનો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લા આરોગ્ય તંત્ર કોરોના અટકાયતી કામગીરીની સાથે-સાથે વાહકજન્ય રોગ પણ ન ફેલાય તે મુજબના પ્રયત્નો કરવામાં આવ્યા છે. તેઓ દ્વારા નાગરિકોને ગામમાં સ્વચ્છતા જાળવવા, ખૂલ્લા વિસ્તારમાં ભરાયેલા પાણીનો નિકાલ કરવા, ઘરના પાણીના પાત્રો હવાચુસ્ત બંધ કરવા, ચોખ્ખા અને સ્થિર પાણી ભરાતાં હોય તેવી જગ્યાઓ જેવી કે ફૂલદાની, પાણીની ટાંકી, કુલર, ફ્રિજની પાછળની ટ્રે વગેરેને અઠવાડિયે એક વાર ચેક કરવા તથા તાવ કે રોગના અન્ય ચિહ્નો હોય તો ગામના આશા અને આરોગ્ય કાર્યકર અથવા તાત્કાલિક નજીકના સરકારી દવાખાને નિદાન અને સારવાર માટે જવા અપીલ કરવામાં આવી છે.





# કોરોના વિષયક તકેદારીના ભાગરૂપે હવે પછીના તબક્કામાં ડિજિટલ સેવા સેતુ યોજાશે

## મુખ્ય સચિવશ્રીએ વિડિયો કોન્ફરન્સથી આપ્યું માર્ગદર્શન

કમલમ દૈનિક, વડોદરા

રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મૂકિમએ આજે વિડિયો કોન્ફરન્સ દ્વારા જિલ્લા વહીવટી તંત્ર સાથે સંવાદ કર્યો હતો. તેમાં જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે ભાગ લીધો હતો. જિલ્લા વિકાસ અધિકારી શ્રી કિરણ ઝવેરી, નિવાસી અધિક કલેકટર શ્રી ડી.આર.પટેલ તેમાં ઉપસ્થિત રહ્યા હતા. કોરોના વિષયક તકેદારીના ભાગરૂપે લોકોને ૫૬ પ્રકારની સેવાઓ એક જ સ્થળે અને એક જ છત્ર હેઠળ ઉપલબ્ધ કરાવતા સેવા સેતુનું હવે પછીના તબક્કામાં ડિજિટલ સ્વરૂપે આયોજન કરવાની રૂપરેખા અને વિગતવાર માર્ગદર્શન મુખ્ય સચિવશ્રીએ આપ્યું હતું. આ ઉપરાંત રાજ્ય સરકારે ખરીફ મોસમમાં વિવિધ ધાન્ય અને ખેત પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કર્યું છે. મુખ્ય સચિવશ્રીએ મહત્તમ ખેડૂતો તેનો લાભ લઈ શકે એવી અસરકારક વ્યવસ્થા ગોઠવવાનું માર્ગદર્શન આપ્યું હતું. આ સંદર્ભમાં જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને ડિજિટલ સેવાસેતુની વિભાવના સમજીને સચોટ અને સરળ વ્યવસ્થાઓ ગોઠવવાની અને ટેકાના ભાવે ખરીદીની વ્યવસ્થાની જાણકારી મોટી સંખ્યામાં ખેડૂતો સુધી પહોંચે અને ખેડૂતો તેનો સહેલાઈથી લાભ લઈ શકે તે માટે ઓનલાઈન નોંધણી સહિત વિવિધ વ્યવસ્થાઓ સમુચિત રીતે ગોઠવવાના દિશા નિર્દેશો આપ્યાં હતા.

# સુરતના શ્રીધરભાઈએ ૨૫ વખત રક્તદાન અને 3 વખત પ્લાઝમા દાન કર્યુ

## પિતાના કાર્ડિયાક એટેક સમયે રક્ત મેળવવા થયેલી મુશ્કેલીમાંથી રક્તદાન કરવાની પ્રેરણા મળી: શ્રીધરભાઈ કોન્ટ્રાક્ટર





કમલમ દૈનિક, સુરત,

કોરોના મહામારીને મ્હાત આપવા ઉપયોગી થતાં પ્લાઝમાના ડોનેશન માટે સુરતના શહેરીજનો રાજ્યભરમાં અગ્રેસર રહ્યા છે. ૫૧ વર્ષીય શ્રીધરભાઈ કોન્ટ્રાક્ટરે ત્રણ વખત પ્લાઝમાનું ડોનેશન કરીને સામાજિક ઉતરદાયિત્વ નિભાવ્યું છે. તેમણે ૨૫ વખત રક્તદાન તથા ૧૫૦ થી વધુ વખત સિંગલ ડોનર પ્લેટલેટ્સ(એસડીપી) દાન પણ કર્યું છે. શ્રીધરભાઈ સુરતના ઘોડદોડ રોડ ખાતે રહે છે. વ્યવસાયે શિક્ષક છે. તેઓ જણાવે છે કે, "૨૦૦૧માં કોલેજના અભ્યાસકાળ દરમિયાન યોજાયેલા કેમ્પમાં રકતદાન કર્યું હતું. ૨૦૦૫માં પિતાને કાર્ડિયાક એટેક આવ્યો અને તે સમયે ૮ યુનિટ રક્ત મેળવવા ખુબ મુશ્કેલીઓ પડી. જેમાંથી પ્રેરણા લઈ અન્ય કોઈ દર્દીને બ્લડની મુશ્કેલી ન તે માટે નિયમિત રકતદાન કરૂ છું બ્લડ કેન્સર કે ડેન્ગ્યું જેવા ગંભીર રોગોમાં શ્વેતકણો ઝડપથી ઘટી જતાં હોય છે. એવા સમયે સિંગલ ડોનર પ્લેટલેટ્સની જરૂરિયાત ખુબ અનિવાર્ય થઈ જાય છે. જેથી શ્રીધરભાઈએ ૧૫૮ વખત સિંગલ ડોનર પ્લેટલેટ(SDP) આપ્યું છે. કોરોનાની મહામારીમાં પ્લાઝમા એક અસરકારક હથિયાર સાબિત થયું છે. શ્રીધરભાઈ કહે છે કે, "કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો પરંતુ મારા શરીરમાં માત્રા ફક્ત ૨% હતી જેથી ઝડપથી રિકવર થઈ પ્લાઝમા ડોનેટ કરવાનો સંકલ્પ કર્યો. ઓગસ્ટમાં પહેલી વખત પ્લાઝમા ડોનેટ કર્યું. ત્યારબાદ બે વાર એમ કુલ ત્રણ વખત પ્લાઝમા ડોનેટ કર્યું છે. પ્લાઝમા ડોનેટ કરવાથી બે દર્દીઓની જિંદગી બચી શકતી હોય તો આનાથી મોટું સેવાકાર્ય બીજું શું હોઈ શકે? પ્લાઝમા ડોનેટ કરવા કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયેલા વ્યક્તિઓ આગળ આવી રહ્યા છે જે ખરેખર પ્રેરણાદાયી છે. આવા કોરોના યોધ્ધાઓ થકી કોરોના મહામારીને નાથવા પણ ચોક્કસ સફળતા મળશે.

# ના રજા, ના રીસેશ... બસ કામ જ વિશેષ

## બી.જે. મેડિકલ કોલેજની માઈક્રો બાયોલોજી લેબોરેટરીમાં ૧.૦૪ લાખથી વધુ કોરોનાના સેમ્પલ ટેસ્ટ કરાયા




કમલમ દૈનિક,

'કોરોના ૫ આ શબ્દથી હવે કોઈ અજાણ નથી. અમદાવાદની સીવીલ, એસ.વી.પી. તથા અન્ય હોસ્પિટલો આજે અન્ય રોગોની સારવારની સાથે કોરોનાની સારવાર માટે પણ સમગ્ર દેશમાં જાણીતી થઈ છે... સીવીલ હોસ્પિટ્લ સંકુલમાં આવેલી ૧૨૦૦ બેડની હોસ્પિટલ આજે અનેક દર્દીઓ માટે જીવન સંજીવની પુરવાર થઈ છે. આ હોસ્પિટલમાં અનેક તબીબો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ 24*7 કાર્યરત રહે છે, પરંતુ સીવીલ હોસ્પિટલ સંકુલમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજની માઈક્રો બાયોલોજી લેબોરેટરી પણ સતત ૨૪ કલાક કાર્યરત રહે છે, એટલું જ નહી પરંતુ દિવસ-રાત શહેરીજનો ઉપરાંત રાજ્યભરમાંથી આવતા દર્દીઓના સેમ્પલ ટેસ્ટ કરે છે. અત્યાર સુધી અહીં કુલ ૧.૦૪ લાખથી વધુ ટેસ્ટ કરાયા છે.

માઈક્રો બાયોલોજી ડીપાર્ટમેન્ટના એસોશીએટ પ્રોફેસર ડો. સુમિતા સોની કહે છે કે, આ લેબોરેટરી ૮મી ફેબ્રુઆરીથી સતત કાર્યરત છે. એક પણ રજા લીધા વિના આ સ્ટાફ દિવસ રાત કામ કરતો રહ્યો છે, અને એટલે જ અત્યાર સુધીમાં ૧,૦૪,૦૦૦થી વધુ ટેસ્ટ કરી શકાયા છે.

લેબોરેટરીના ટ્યુટર ડો. દિપા કિનારીવાલા કહે છે કે, ICMR દ્વારા બી.જે.મેડિકલ કોલેજને ક્વોલિટી કંટ્રોલ ટેસ્ટીંગ માટે કામગીરી સોંપવામાં આવી છે. ગુજરાતમાં હાલ ૪૦ જેટલી લેબોરેટરીમાં RT-PCR મેથડથી કોરોનાના ટેસ્ટ કરાય છે. આ લેબોરેટરીઓમાંથી દર માસે સેમ્પલ બી.જે.મેડિકલ કોલેજની લેબોરેટરીમાં ક્રોસ ચેકીંગ માટે મોકલવામાં અવે છે... તેના માટે ICMR દ્વારા ડેટા એન્ટ્રી પોર્ટલ ચાલુ કરાયુ છે. આ સેમ્પલની એન્ટ્રી એ પોર્ટલમાં કરાય છે. બન્ને લેબોરેટરીનું રીઝલ્ટ પોર્ટલમાં નાંખવામાં આવે છે અને ICMR દ્વારા બન્ને પરિણામોનું એસેસમેન્ટ કરાય છે અને ફાઈનલ રીઝલ્ટ જાહેર કરાય છે. આ ઉપરાંત બી.જે.મેડિકલ કોલેજ રેપિડ એન્ટિજન ટેસ્ટીંગ કિટ માટે પણ વેલિડેશન સેન્ટર તરીકે કાર્ય કરે છે. દેશમાં રેપિડ ટેસ્ટ વધતા તેના વેલીડેશન માટે કામગીરી પણ વધી છે...એમ તેઓ ઉમેરે છે.

સેમ્પલનું ક્રોસ ચેકીંગ કેમ...? તેવા પ્રશ્નના ઉત્તરમાં ડો. કિનારીવાલા કહે છે કે, કોઈ પણ લેબોરેટરીમાં વ્યક્તિ, મશીન કે અન્ય એરર આવી શકે છે, ત્યારે કોઈ પણ સેમ્પલનું ભુલભરેલું પરીક્ષણ અનેક સમસ્યાઓ ઉભી કરી શકે છે. ક્રોસ ચેકીંગમાં આવી ભુલ પકડાઈ જાય અને કોઈ વ્યક્તિ તેનો ભોગ ના બને તે માટે આવી સીસ્ટમ સક્રિય કરાઈ છે. આ પધ્ધતિથી અત્યાર સુધીમાં ૫૦૦ થી વધુ સેમ્પલ ટેસ્ટીંગ ક્વોલિટી કંટ્રોલ માટે કરાયું છે. આજ રીતે બી.જે.મેડિકલ કોલેજનું ક્વોલિટી કંટ્રોલ ટેસ્ટીંગ NIV(PUNE) દ્વારા કરાય છે, એમ તેઓ કહે છે.

આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. દિશા પટેલ કહે છે કે, અમારી લેબોરેટરીમાં ૧૯મી માર્ચે રાજ્યનો પ્રથમ પોઝીટીવ કેસ ડાયોગ્નોઝ થયો, ત્યારથી આજ સુધી કોઈ સ્ટાફે એક પણ રજા કે રીસેશ માણી નથી... અમે સતત કાર્યરત રહ્યા છીએ. જો કે ટેસ્ટીંગના પરિમાણ(કીટ) બદલાતા ગયા તેમ તેમ સતત નિષ્ણાત તબીબો દ્વારા ટેક્નીશીયન્સને તાલિમ પણ આવી રહી છે.આ માટે રાજ્ય સરકારે પુર્ણ સહયોગ આપ્યો છે. આ ટેસ્ટ કરવા માટે લોજીસ્ટિક મેનેજમેન્ટમાં ક્યારેય ઓટ નથી આવી.... લોકડાઉન જેવી પરિસ્થિતીમા પણ રાજ્ય સરકારે તે માટેની કિટ, કન્ઝ્યુમેબલ્સ સપ્લાયમાં PPE Kit, N-95, હેન્ડ વોશ- સેનિટાઈઝ મટિરીયલ, ઈક્વિપમેન્ટ્સ, તેનું મોનિટરીંગ એમ એક પણ ક્ષેત્રે અમને ઉણપ વર્તાવા નથી દીધી.... જે જોઈએ અને જે માંગ્યુ તે રાજ્ય સરકાર તરફથી મળ્યું છે ...એમ તેઓ ઉમેરે છે.

બી.જે. મેડિકલ કોલેજની ૨૪ કલાક કાર્યરત રહેતી માઈક્રો બાયોલોજી લેબોરેટરીમાં અત્યાર સુધીમાં કુલ ૧.૦૪ લાખથી વધુ ટેસ્ટ કરાયા છે. સલામ છે આવા કર્મવીરોને.

# વ્હાલી દીકરી યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૪૦૦ અરજી મંજુર



કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૨-૮-૨૦૧૯થી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની 'વ્હાલી દીકરી યોજનાહ્ન અમલી બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૦ અરજીઓ મંજૂર થઈ ચૂકી છે.મહિલા-દીકરીઓના સશિકતકરણ અને દીકરીઓના જન્મનું પ્રમાણ વધારવા, દીકરીઓનો શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, બાળ લગ્ન અટકાવવાના હેતુથી મુખ્યમંત્રીશ્રી દ્વારા આ યોજના લાગુ કરવામા આવી છે. અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી એજાજભાઈ મનસૂરીના જણાવ્યા અનુસાર આ યોજનામાં લાભાર્થી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦ની સહાય, દીકરીને નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦ની સહાય અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે રૂ. ૧ લાખની સહાય રાજય સરકાર દ્વારા અપાશે. વધુમાં વધુ બે દીકરીઓ અને તા.૨-૮-૨૦૧૯ કે તે પછી જન્મેલ દીકરીઓને આ લાભ મળવા પાત્ર થશે. પ્રથમ અને દ્વિતિય બંને દીકરીઓને આ યોજનાનો લાભ મળશે. દીકરીના જન્મ સમયે માતાની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ. પ્રથમ દીકરો અને બીજી દીકરી હોય તો બીજી દીકરીને લાભ મળવાપાત્ર રહેશે. પ્રથમ દીકરો અને બીજી દીકરીઓ (જોડિયા) કે તેથી વધુ એક સાથે જન્મના અપવાદરૂપ કિસ્સામાં તમામ દીકરીઓને 'વ્હાલી દીકરી યોજનાનો લાભ મળવાપાત્ર થશે.આ યોજનાનો લાભ મેળવવા માંગતા દંપતિની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ. આ યોજનાનું અરજી પત્રક વિનામૂલ્યે આંગણવાડી કેન્દ્રો, સીડીપીઓ કચેરી, ગ્રામ પંચાયત, મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી મેળવી શકાશે. અરજી સાથે આપેલ વિગતો સામેલ કરવાની રહેશે.

(૧) લાભાર્થી માતા-પિતાની સયુંકત આવક અંગેની ચીફ ઓફિસર/ મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી પૈકી કોઈપણ એકનો દાખલો.
(૨) લાભાર્થી માતા-પિતાની ઉંમર અંગે શાળા છોડયાનું પ્રમાણપત્ર/ જન્મનો દાખલો(અન્ય કોઈ પણ આધાર-પુરાવા હોય તો પીએચસી/ સીએચસી સિવિલ સર્જન પૈકીના કોઈ પણ એક સરકારી ડોકટરી પ્રમાણપત્ર/સર્ટીફિકેટ.
(૩) દીકરીનું જન્મપત્રક.
(૪) લાભાર્થી દીકરીના માતાની આધારકાર્ડની નકલ.
(૫) દંપતી પોતાના હયાત તમામ બાળકોના જન્મના દાખલા.
(૬) અરજદારના રેશનકાર્ડની નકલ.
(૭) નિયત નમૂનામાં દંપતીનું સોગંદનામું.
(૮) દંપતીના લગ્નનું પ્રમાણપત્ર. સહિતના પુરાવાઓ જોડાવાના રહેશે.



તિરૂવનંતપુરમમાં એક શિલ્પકારે એક જ પત્થરમાંથી મહાભારતના વિવિધ પાત્રોને એની ખાસિયતની સાથે કોતરીને ઓલ ઈન વન જેવુ સ્કલ્પ્ચર તૈયાર કર્યું છે. એમાં મહાભારતની કેટલીક ફેમસ ઘટનાઓના દ્રશ્યો પણ અંકિત કરવામાં આવ્યા છે.

# સંસ્કૃતિની જાળવણીની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓની સંભાળ રાખતા મહિલાકર્મીઓ

## સાડી પર PPE કીટ પહેરીને ૮ મહિલાઓ દરરોજ ૮ કલાક સુધી સિવિલ હોસ્પિટલમાં કરે છે દર્દીઓની સેવા






કમલમ દૈનિક,

સંસ્કૃતિ એટલે શું...? વ્યક્તિથી લઈને સમષ્ટિ સુધી સુઆયોજિત વિકાસને દોરી જતું મહત્વનું પરિબળ એટલે સંસ્કૃતિ.., સંસ્કૃતિ માનવીના વિકાસ તથા સંવર્ધનમાં અગત્યની ભૂમિકા ભજવે છે. પ્રવર્તમાન સમયમાં આજે જ્યારે આખો દેશ કોરોનાની સામે મક્કમતાથી બાથ ભીડી રહ્યો છે, ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલના પેરામેડીકલ સ્ટાફમાં કાર્યરત ૮ મહિલાઓ સંસ્કૃતિની જાળવણી સાથે કોરોનાનાં દર્દીઓની સેવા કરે છે.

પ્રશ્ન થાય કે કઈ રીતે ? ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રીઓ સાડીનો પોશાક ધારણ કરે છે, આ પ્રથાને અનુસરી સંસ્કૃતિના સન્માનને જાળવી આ મહિલાઓ ૮-૮ કલાક સુધી સાડી પર PPE કીટ પહેરીને હોસ્પિટલમાં કાર્ય કરે છે. સામાન્ય રીતે વ્યક્તિને PPE કીટ પહેર્યા બાદ અસહ્ય ગરમીનો તો સામનો કરવો જ પડે છે. ફરજ પુરી થયા બાદ PPE કીટ ઉતારને તેને નષ્ટ કરી દેવાય છે. જેથી તે પહેરનારને કે અન્યને ચેપ ન લાગે. આથી ફરજ દરમિયાન ૮ કલાક સતત PPE કીટ પહેરી રાખવી પડે છે. સાથોસાથ જ્યાં સુધી PPE કીટ પહેરી છે, ત્યાં સુધી કોઇ પણ દૈનિક કાર્ય કરી શકાય નહીં.., આ બધું સહન કરીને આ વિરાંગનાઓ સાડી પર PPE કીટ પહેરે છે. અને નિરંતર ૮ કલાક કામ કરે છે. પોતાની કાર્યપ્રણાલી વિશે વાત કરતા સુધાબેન અનિલભાઈ વાઘેલા જણાવે છે કે,"હું વોર્ડ નં-૫માં સાફ સફાઈ કરું છું, કોઈ દર્દી અશક્ત હોય અને તેનાથી બેડ પર ઉલ્ટી થઈ જાય કે ટોઈલેટ થઈ જાય તો હું તુરંત બેડશીટ બદલાવી નવી બેડશીટ ચડાવી દઉં છું. સાડી પર PPE કીટ પહેરીને સાફ સફાઈ કરવામાં થોડી મુશ્કેલી તો આવે છે પણ મારા ઘરની પરંપરા મુજબ મને સાડી પહેરીને કામ કરવામાં જરાય વાંધો નથી, મને તો ગર્વ છે કે હું કોરોનાના દર્દીઓની આ રીતે સેવા કરી શકું છું" તો તેમના અન્ય સહકર્મી ભાનુબેન વાળા જણાવે છે કે, "મારુ કામ કોઈ દર્દી અશક્ત હોય તો તેમને જમાડવાનું, પાણી પીવડાવવાનું તથા સમયસર દવા તથા ઉકાળા આપવાનું છે અને જો જરૂર પડે તો દર્દીને ટોયલેટ કે બાથરૂમ માટે પણ હું લઈ જાઉં છું, સાડી પહેરીને કામ કરવું મારા માટે કઠિન નથી. આ તો આપણી સંસ્કૃતિ છે, અને તેને અપનાવવામાં શેની તકલીફ હોય" તેમની વાતમાં સુર પુરાવતા અને દેશની સંસ્કૃતિના મહત્વને જણાવતા દલ મુમતાઝબેન જણાવે છે કે ,"ભારતીય નારીની આગવી ઓળખ સમી સાડી એ તો અમારો રોજીંદુ પરિધાન છે, તો દેશની સંસ્કૃતિનું મહત્વ સમજીને હું સાડી પર PPE કીટ પહેરીને જ મારું સાફ - સફાઈનું કાર્ય કરું છું. અને આ રીતે હું મારી સંસ્કૃતિ અને કોરોનાગ્રસ્ત દર્દીઓ બન્નેનું રક્ષણ કરું છું" અત્રે ઉલ્લેખનીય છે કે હાલ કોવિડ હોસ્પિટલમાં સુધાબેન, ભાનુબેન અને મુમતાઝબેન સહિતના ૮ બહેનો આ જ રીતે સાડી પર PPE કીટ પહેરીને કામ કરી રહ્યા છે. આમ સંસ્કૃતિની જાળવણીની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓની નિષ્ઠાપૂર્વક સંભાળ રાખતા પેરામેડીકલ સ્ટાફના મહિલા કર્મીઓનું ઉત્તમ કાર્ય અનેકને માટે પ્રેરણારૂપ બન્યું છે.

# વલસાડ ઉત્તર વન વિભાગ દુલર્ભ વૃક્ષોનું સંવર્ધન સાથે વનક્ષેત્રને નવપલ્લવિત કરશે ધરમપુરના જંગલોમાં ૧૯ જાતિના દુલર્ભ વૃક્ષો મળી આવ્યા



## લુપ્ત થતી વન સંપદાના સંવર્ધન હેતુ વન વિભાગે બોટનીક નિષ્ણાંતોની સહાય મેળવી જુજ પ્રમાણમાં મળી આવતી વનસ્પતિઓના ૨૦ હજાર છોડ વન નર્સરીઓમાં ઉછરી રહયા છે

કમલમ દૈનિક, સુરત

ગુજરાતનો દક્ષિણ ભાગ વન સંપદાથી સમૃદ્ધ છે. કંઈ કેટલીય જાતિના વૃક્ષો-વેલાઓએ વિસ્તારને હર્યો-ભર્યો કર્યો છે. રાજયના વન વિભાગે પણ તેના સંરક્ષણ અને સંવર્ધનમાં અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી યુ.ડી.સિંઘના માર્ગદર્શન હેઠળ સરાહનીય કામગીરી કરી રહયું છે. તાજેતરમાં વલસાડ જીલ્લાના ધરમપુરના જંગલોમાં ઈ/ચા નાયબ વન સંરક્ષક અને સહાયક વન સંરક્ષક શ્રી યુવરાજસિંહ ઝાલા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી હિરેન પટેલ અને વનકર્મીઓએ ૧૯ જાતિના દુલર્ભ વૃક્ષોની ભાળ મેળવી છે. જેમાં .બોથી,ખડશીંગ, કવીશા, પંગારો, કરમલ, સફેદ પાઘળ, પીળો ખાખરો, મેઢાશીંગ, નાની ચમોલ, મોટી ચમોલ, રગત રોહિડો, ચંડીયો, કંપીલો,દવલો, કુંભ, હુંભ,વરસ, કાયલી(જંગલી આંબલી), પીળા ફુલ ધરાવતો શીમળો (સામર) જેવા વૃક્ષો અને વેલાઓ કે જેના નામ આપણે કદી સાંભળ્યા ન હોય કે જોયા ન હોય તેવી આ વનસ્પિતઓ શોધી કાઢી છે. કપરાડાના જાણીતા વૈધ મનોજભાઈ જાદવ આ વનસ્પતિઓનું મુલ્ય જણાવતા કહે છે કે, હાથપગના દુઃખાવામાં ખડસીંગનું વૃક્ષ ઉપયોગી છે. તો ઘૂંટણના દુઃખાવામાં કાયલી (જંગલી આંબલી) રાહત આપે છે. પથરીના ઈલાજમાં પાઘળ તો મરડામાં મેઢાસીંગ અકસીર છે. આયુર્વેદિક દ્દિષ્ટએ ખુબ જ મહત્વની સાથે પર્યાવરણ જાળવતી આ વનસંપદાથી જંગલો વધુ સઘન બને અને ઉપયોગી વૃક્ષ-વેલાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે વન વિભાગે નાનાપોંઢાના બોટની પ્રોફેસર ડો.સંદીપ પટેલની મદદ લીધી છે. ઉપરાંત સ્થાનિક ગ્રામજનોને વનસ્પતિઓના મહત્વને સમજાવી તેમના સહયોગ થકી બીજ એકત્રિકરણની કામગીરી વન વિભાગે બખૂબી રીતે કરી છે. લોકડાઉનના સમયમાં વન વિસ્તારો ખુંદીને દુલર્ભ વૃક્ષોના બીજ એકત્ર કરવામાં આવ્યા. જેના છોડ નર્સરીઓમાં તૈયાર થઈ રહયા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, વલસાડ ઉત્તર વન વિભાગ હસ્તક ધરમપુર રેન્જમાં ૧૪૦૨૧ હેકટર, પંગારબારીમાં-૧૨૫૭૪,હનમતમાળમાં-૧૧૪૮૨ વલસાડમાં-૭૧૨, વાંસદા પુર્વમાં-૯૭૨૧, વાંસદા પશ્ચિમમાં-૧૦૫૪૧ અને ચીખલી રેંજમાં ૩૭૮૨ હેટકર રીઝર્વ ફોરેસ્ટનો સમાવેશ થાય છે. દક્ષિણ વન વિભાગમાં કપરાડા તાલુકામાં ૫૦ હજાર હેકટર રીઝર્વ ફોરેસ્ટ છે. આ બધા જ વનક્ષેત્રના અધિકારી-કર્મચારીઓ સ્થાનિક ગ્રામીણોના સહયોગ થકી જંગલોના સંરક્ષણ અને સંવર્ધન સાથે લુપ્ત થતી અને દુલર્ભ વનસ્પતિઓને બચાવવા પણ આગવી કામગીરી કરી રહયા છે. રાજયમાં લુપ્ત થતી વન્યસંપદાના સંવર્ધન માટે વનવિભાગનું શીલ્વા એકમ નર્મદા ખાતે કાર્યરત છે. રાજયમાં પ્રથમવાર વલસાડ જિલ્લામાં ઉત્તર વનવિભાગના અધિકારીઓએ આ પ્રકારનો સરાહનીય પ્રયાસ કર્યો છે. વૃક્ષોનું જતન અને સંવર્ધન વન વિભાગના અધિકારીઓની દીઘર્દ્રષ્ટિ અને કુનેહ થી લુપ્ત થતા દુર્લભ વૃક્ષોને આ વૃક્ષો આયુર્વેદિક અને પર્યાવરણની દૃષ્ટીએ પણ ખુબ જ મહત્વના છે. પ્રાચીન ગ્રંથોમાં વૃક્ષોનું મહાત્મય સમજાવ્યું હોવાનું સહાયક વન સંરક્ષક શ્રી ઝાલા જણાવે છે. કપરાડા, ધરમપુર, વાંસદા રેન્જમાં દુલર્ભ વૃક્ષોનું સંવર્ધન કરવા ૨૦ હજાર જેટલા છોડનો ઉછેર કરવામાં આવી રહયો છે. જેને આવતા વર્ષે રીઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં વાવેતર કરવામાં આવશે.

# દાહોદમાં ત્રણ સ્થળે પ્રાયોગિક ધોરણે ટ્રાફિક સિગ્નલના અમલનો પ્રારંભ

## ભરપોડા સર્કલ, સરસ્વતી સર્કલ અને ભગિની સમાજ ખાતે ટ્રાફિક નિયમનની વ્યવસ્થાનો અમલ


રીપોર્ટ -કેતન ભટ્ટ - દાહોદ

કમલમ દૈનિક, દાહોદ

દાહોદ નગરમાં સ્માર્ટ સિટી અંતર્ગત વાહનોના નિયમન માટે લગાવવામાં આવેલા ટ્રાફિક સિગ્નલનો ત્રણ સ્થળોથી પ્રાયોગિક ધોરણે અમલ શરૂ કરવામાં આવ્યો છે. ટ્રાફિકના નિયમોનુસાર હવે અહીં ગ્રિન, રેડ અને યેલો લાઇટની પ્રણાલીને વાહનચાલકોએ અનુસરવાનું રહેશે. સરસ્વતી સર્કલ, સ્વામી વિવેકાનંદ સર્કલ અને ભગિની સમાજ ખાતે સ્માર્ટ સિટી અંતર્ગત મૂકવામાં આવેલા ટ્રાફિક સિગ્નલનો પ્રાયોગિક ધોરણો અમલ શરૂ કરવામાં આવ્યો હોવાનું જણાવતા કલેક્ટરશ્રી વિજય ખરાડીએ ઉમેર્યુ કે, લોકોમાં ટ્રાફિકની બાબતમાં અનુશાસન આવે અને ટ્રાફિકના નિયમો માટે લોકોમાં જાગૃતિ આવે એવો હેતું રહેલો છે. સ્માર્ટ સિટી તંત્ર દ્વારા એડોપ્ટિવ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમના અમલ માટે પોલીસ તંત્રના ૧૫ જવાનોને તાલીમ આપવામાં આવી છે. એડોપ્ટિવ ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમનો નગરમાં તબક્કાવાર અમલ શરૂ કરવામાં આવશે.

# અલ્પસંખ્યક અને વિકલાંગ સમુદાયના ૬૩ લાભાર્થીઓના બેંક ખાતામાં રૂા.૧૦૪ લાખની લોનની રકમ જમા કરાઇ

## સ્વરોજાારી માટે નાના ધંધા/વ્યવસાય અને ઉચ્ચ અભ્યાસ માટે લાભાર્થીઓના ખાતામાં ઓનલાઇન ડી.બી.ટી. મારફતે લોન સહાય જમા કરાવતા મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમાર



કમલમ દૈનિક,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમાર દ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના અલ્પસંખ્યક અને વિકલાંગ સમુદાયના લાભાર્થીઓના બેંક ખાતામાં સ્વરોજગારના નાના ધંધા/વ્યવસાય અને ઉચ્ચ અભ્યાસ માટે ઓનલાઇન ડી.બી.ટી. મારફતે લોન સહાય જમા કરવામાં આવી હતી. રૂા.૧૦૪ લાખની લોનની રકમ ૬૩ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી હોવાનું નિગમની યાદીમાં જણાવાયુ છે. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, નિગમના મેનેજીંગ ડિરેક્ટર શ્રી આર.એન.કુચારા અને હિસાબી અધિકારી શ્રી ડી. કે. પરમાર ઉપસ્થિત રહ્યા હતા.



# ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી દ્વારા એરૂ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયો

કમલમ દૈનિક, નવસારી

ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી દ્વારા એરૂ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. પર્યાવરણની જાળવણી અને વાતાવરણમાં થઇ રહેલા ફેરફારોને ધ્યાનમાં રાખી ૧૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ ઉડાનના સભ્યો દ્વારા હાથ ધરાયું હતું. આ સિવાય ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વુમન એમ્પાવરમેન્ટ, સ્કીલ ડેવલોપમેન્ટ ટ્રેનીંગ પ્રોગ્રામ, આરોગ્ય વિષયક બાબતો, ગરીબ કલ્યાણના કાર્યો, કલા અને સાંસ્કૃતિક વિષયોને લગતી પ્રવૃત્તિઓ, રોજગારલક્ષી કાર્યક્રમો તેમજ તમામ પ્રકારની કુદરતી આપત્તિઓ સમયે લોકોની મદદ માટે હંમેશા આગળ રહે છે, તેમ ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી મેહુલ રાઠોડ દ્વારા જણાવાયું છે.

# સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ....


કમલમ દૈનિક,

આજે જયારે ટેકનોલોજી નો યુગ છે ત્યારે એક જગ્યા એ થી બીજી જગ્યાએ અવર જવર હવે સહેલું બન્યું છે.સંદેશા વ્યવાહર માટે મોબાઈલ, ઈન્ટરનેટ,વોટ્સઅપ, ફેસબુક, ટ્વીટર જેવી અનેક માધ્યમો ઉપલબ્ધ છે. પણ ક્યારેક વિચારો તો જયારે આ સગવડો ન હતી ત્યારે મોહનદાસ ગાંધીએ કઈ રીતે આખા દેશને ખાદી પહેરતા કરી દીધા સ્વચ્છતા અને વ્યસનમુક્તિ નો સંદેશ આખા દેશને આપ્યો અને સ્વતંત્રતા માટે લોકોને એકજૂટ કેમ કર્યા હશે ? આ એક ચમત્કાર જ કહેવાય ૪૦ વર્ષની ઉમરે ટ્રેનના ડબ્બામાં મુસાફરી કરી ભારત ફર્યા કષ્ટવેઠી સ્વતંત્રતાની ચળવળને જોર આપ્યું અને એ પણ અહિંસાના માર્ગ પર ચાલી ને શ્રી કૃષ્ણ ના સિદ્ધાંત કર્મને અપનાવી ગાંધીજી એ લોકોને સ્વાવલંબી બનાવ્યા અને તેઓ ભારત જ નહીં પણ પુરા વિશ્વ માટે યુગપુરુષ બની ગયા ૧૯૪૭ પછી શાંતિ માટે મળેલા નોબેલ પુરુષકાર થી સન્માનિત થયેલ મહાનુભાવો ના ભાષણ માં અચુક મહાત્મા ગાંધી નો ઉલ્લેખ કરાતો આવ્યો છે એટલેજ મનમોહન અને મોહનદાસ ની કાર્યશૈલી માં ફરક નથી જણાતું. વ્યસનમુક્તિ ના હિમાયતી બાપુએ દારૂબંધી અંગે એવું કહેતા કે મને ક્ષણવાર માટે પણ સરમુખત્યાર બનાવવામાં આવે તો હું પેલું કામ દેશમાં દારૂબંધી દાખલ કરવાનું કરું બાપુ ના આ વિચારો પર આજે દેશ આગળ આવી રહ્યું છે ગાંધી ના ગુજરાતમાં હાલે દારૂબંધી કાયદાને વધુ કડક બનાવાઈ રહ્યું છે ગુજરાતની સુખાકારી અને સમૃદ્ધિનું એક કારણ દારૂબંધી પણ છે મહારાષ્ટ્ર રાજ્ય માં જ્યાં દારૂના શોખીનો વધુ પ્રમાણ માં છે પણ ત્યાં પણ હવે લોકો માં નવી જાગૃતિ જોવા મળે છે અમુક જાગૃત મહિલાઓની ઝુંબેશના કારણે કાયદેસર રીતે કેટલાય વિસ્તારો શરાબ મુક્ત જોન જાહેર કરાયા છે જેમાં નવી મુંબઈના એરપોર્ટ ની આજુબાજુનો વિસ્તાર મુંબઈ નુ ઉપનગર ખારઘર જેવા અનેક વિસ્તારો શરાબ મુક્ત જોન જાહેર કરાયા છે. અને હજુ પણ લોકજાગૃતિના ભાગરૂપે વધુ વિસ્તારો આ દાયરામાં આવશે એવું મનાઈ રહ્યું છે બિહારમાં પણ હાલે દારૂબંધી કરાઈ છે આમ ક્યાંક ને ક્યાંક દેશની પ્રગતિમાં મહાત્મા ગાંધીના વિચારો નો ફાળો રહેલો જ છે. તેમની વૈભવશાળી જીવનશૈલી નો તેઓ એ ત્યાગ કરી સ્વતંત્રતા સંગ્રામ અને દેશ ના લોકો


સંકલન :હસુ ઠક્કર & અજય ખત્રી

ની આઝાદી માટે પોતાના જીવન ના સાડા ત્રણ દાયકા તેઓ એ દેશ ને આપ્યા.જેમાં અસંખ્ય વેદના ઓ ભોગવી ને પણ જનહિત ના કર્યો બાપુ એ કર્યા હતા આમ તો દરેક વ્યક્તિ પોતાની માટે કંઈક ને કંઈક વિચારતો હોય છે પણ બાપુ એ તો માત્ર ને માત્ર ભારત ની આઝાદી માટે જ જીવતા હતા અને જ્યારે ૧૯૪૭ માં લાલ કિલ્લા પર આઝદી નો ઐતિહાસિક ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો ત્યારે પણ બાપુ લોકો ની વચ્ચે રહ્યા અને કોમી રમખાણો શાંત કરવાનું કામ કર્યું હતું દેશ ની આઝાદી ના કેન્દ્ર બિંદુ હોવા છતાંય પણ આટલી સાદગી એક મહાત્મા રૂપી બાપુ માજ હોઈ શકે. અહિંસા ના પૂજારી મહાત્મા ને પ્રથમ વખત રાષ્ટ્રપિતા નો નામ સુભાસ ચન્દ્ર બોઝ એ ૧૯૪૪ માં આપ્યું હતું. દેશ આખા ને એક જુથ કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ એવુ કહેતા કે મને કાર્યશક્તિ પૂજ્ય બાપુ ગ પાસે થી મળતી રહેતી ઈઝરાયલ જેવા શક્તિશાળી દેશ માં પણ ગાંધીજી ના વિચારો થી લોકો પ્રભાવિત થયેલા છે ત્યાં ના એક મ્યુઝીમ માં પ્રથમ પ્રમુખ ના રૂમ માં ગાંધીજી ની છબી મુકેલી છે અને લખેલું છે "અનેક અસ્મિતા ઓ ધરાવતા દેશ ને એક બંધારણ નીચે ઘડનાર મહાત્મા ગાંધી ના ફોટો માંથી હું પ્રેરણા લવ છું. અહિંસા ના આ પૂજારી એ ક્રૂર અને સંવેદનહીન ગણાતા અંગ્રેજ શાસકોને પણ હચ મચાવ્યા હતા તેના પાછળ પ્રજાની અહિંસક તાકત અને શાંતિપૂર્વક ની સંગઠનશક્તિ હતી જેનાથી આવા નિર્દઈ શાસકોને પણ ઝુકવું પડ્યું હતું ગુજરાત ના કવિ નરસિંહ મહેતા નું વૈષ્ણવ જન તો .. ભજન બાપુ ને બહુ ગમતું હતું અને પોતાના નિત્યકર્મ ની પ્રાર્થના માં આવરી લીધું હતુ આ ભજન વિશ્વ વિખ્યાત બની ને રહ્યું છે અનેકો દેશ માં આ ભજન ને ખુબમાન મળ્યું છે. જેના કારણે આજ પણ બાપુ ને વૈષ્ણવ જન શબ્દ આવતા ની સાથે લોકો યાદ કરી રહ્યા છે. આમ જો ગાંધીજી ના વિચારો સમજવા હોય તો ગાંધીવાદી લોકો નહીં પણ ગાંધીજી સાથે પ્રેમ કરતા લોકો ને સમજ જો તો જીવન માં નવચેતન કરવું સહેલું બનશે. હાલ દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ ગાંધીજી ના વિચારો થી ખુબજ પ્રેરીત છે.અને આ વિચારો સમગ્ર દેશ માં કઈ રીતે પ્રસાર કરવા જેથી લોકો અને દેશ બને ઉન્નતી ના પંથે આગળ વધે તેવા પ્રયાસો ગાંધીજી ના વિચારો સાથે દેશ માં થઈ રહ્યા છે. સ્વચ્છતા અભિયાન તેનું એક ઉત્તમ ઉદાહરણ છે.દેશ ના લોકો ને સ્વનિર્ભર બને તે માટે આત્મનિર્ભર જેવી યોજના ઓ મૂકી દેશ ના યુવાધન ને એક નવી દિશા આપવાનું પ્રયાસ કરાઈ રહ્યો છે.આમ રાષ્ટ્રપિતા મહાત્માગાંધી ના જીવન માંથી આ દેશ ના દરેક લોકો પ્રેરણા લઈ આત્મનિર્ભર બને તેમાટે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર મહત્વના કાર્યક્રમો ઘડીને લોકો ને સ્વાવલંબી બનાવવા ના પ્રયાસો કરી રહ્યા છે એ બાપુ ના જીવન નું મહત્વ નું કાર્ય પણ ગણી શકાય.. એટલે જ આ રાષ્ટ્રપિતા માટે લખાયું છે... દેદી હમે આઝાદી બીના ખડક બીના ઢાલ સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ... પૂજ્ય બાપુ ને સમર્પિત વંદન.

# "મહાત્મા તારા ખાદી-ચરખા"



કમલમ દૈનિક,

દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતિ છે ત્યારે તમામ લોકો આજે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને કહેશે ગાંધીવાદના સિદ્ધાંતો સદાબહાર છે, સમગ્ર વિશ્વને પ્રકાશિત કરવાની શક્તિ ધરાવે છે, સત્ય અને અહિંસાના આધારસ્તંભ પર ચાલવા પ્રેરે છે, તેમનું સરળ જીવન, સમૃદ્ધ મૂલ્યો જીવનમાં ઉતારવા જોગ છે પણ રક્ત સામે રક્ત જ જોઈએ એવાં વિશ્વમાં શું મહાત્મા ગાંધીના સિદ્ધાંતો માન્ય અને શાશ્વત છે ? કે પછી, ગાંધીજીનું મૂલ્ય હવે ચલણી નોટો અને જાહેર સૌચાલયો ની દિવાલો પર ચશ્મા સુધી જ સિમિત રહ્યું છે!!! ગાંધીજીનાં કહેલાં વાક્યો, "ખાદી વસ્ત્ર નહીં, પણ વિચાર છે, ખાદી હિન્દુસ્તાનની આખી વસ્તીની એકતાનું, તેના આર્થિક સ્વાતંત્ર્યતા ને સમાનતાનું પ્રતીક છે."


એનાં એવાં પ્રભાવો પડ્યાં કે, લોકોએ ખાદી ને 'અશક્ય' કામને 'શક્ય' કરવાં માટેનું લાયસન્સ બનાવી નાખ્યું. ગાંધી અને તેનાં મૂલ્યો!!! એની તે ભલાં શી મોટી વાત? અરે, ગાંધીબાપુ, જે ખાદીબેનનો જન્મ ગરીબોનાં ઘરમાં બે ટંકની રોટી અને તેમનાં કલ્યાણ અર્થે થયો હતો આજે એ જ 'ખાદીબેન વગર ગાદીભાઈ' ને મેળવી ના શકાય? સાથે તમારા ચરખાભાઈ ની લોકપ્રિયતા એટલી વધી છે કે, કેટલાંક અમારા નેતાભક્તો ચરખાભાઈ સાથે ફોટા પડાવવા અધીરા બની ગયા છે. આજકાલ તો મોડર્ન ખાદીનો જબરો જાદુ છે ભાઈ !!! પોતાની ખરડાયેલી છબી ને સાફ કરવાં માટે ખાદીધારણ કરવું એ આજકાલ નો ટ્રેન્ડ થઈ ગયો છે."બેઈમાની નાં ડાઘ અને કલંક ને દુર કરવા અપનાવો માત્ર ને માત્ર સફેદ ખાદી". નીર્જીવ ખાદીનો ચમત્કાર? એટલો પ્રભાવશાળી છે કે, ખાદીધારણ કરીને કરેલાં દુષ્કર્મ ઉપર પણ સત્કર્મ નું લેબલ લાગી જાય છે પણ ધ્યાન માં રાખવું ખાદીબેન કંઈ ગરીબોનાં મહોતાજ નથી..એ તો ધનીક વર્ગો, ગામસેવકો થી લઈને રાષ્ટ્રસેવકો જેવા ઉચ્ચ વર્ગો ને જ ગળે વળગે. જ્યાર થી ચરખાભાઈ કેલેન્ડર માં આવી ગયા ત્યારથી ચરખાભાઈ નો પણ રુઆબ બદલાઈ ગયો. રાષ્ટ્રપિતા ગાંધી બાપુ, આત્મનિર્ભર ભારત માટેની લડાઈ વખતે શસ્ત્ર તરીકે તમારી પાસે ચરખો હતો. એમાં નવાઈ ની કોઈ વાત નથી આ સદીમાં તો ખુરશી ટકાવી રાખવા માટે શસ્ત્ર તરીકે ચરખો બધાંય નાં ફોટા માં ચમકે છે. હે રામ..."મહાત્મા તારા ખાદી-ચરખા" નો ઉપયોગ આમ પણ થઈ શકે છે!!! આની કલ્પના માત્ર થી જ રૂંવાડા ઉભા થઈ જાય પણ કરવું શું ? ભાઈઓ અને બહેનો આને જ કહેવાય 'દશાપરિવર્તન' પણ?


શબ્દ સંકલન
■ શિખા પટેલ

ખાદીબેન અને ચરખાભાઈ ને એનાંથી ફર્ક પડે ખરો!!! એ તો રહ્યા સર્વસંપન્ન (ધનસંપન્ન અને પદસંપન્ન)... ગાંધી બાપુ, તમારાં સ્વપ્નનાં સુરાજ્યની પ્રાપ્તિ કરવી હજી બાકી છે પણ તમે ચિંતા ના કરશો... આઝાદી પછી તમારાં નામ અને વિચારો ને વટાવી ખાવામાં કંઈ બાકી નથી રાખ્યું. તમારાં દ્વારા કરાયેલી પ્રવૃત્તિઓને પણ કમાણી માટેના સાધનો બનાવી નાખ્યા છે ત્યારે, કહ્યા વિના રહેવાતું નથી કે, તમારાં ઉપદેશો માત્ર પાઠ્યપુસ્તકો પુરતાં જ મર્યાદિત છે. આધુનિક ટેકનોલોજી નું અપગ્રેડેશન જરૂરી છે પણ તેની સાથે સત્ય, અહિંસા, ત્યાગ, નમ્રતા, સમાનતા ને ઉકરડે ફેંકવા કેટલી હદે યોગ્ય ગણાય??? આશા છે કે, ગાંધીજી ની જન્મજયંતી ની રાહ હવે ફક્ત રજાઓ માટે કે મળતા ખાદી નાં ડિસ્કાઉન્ટ માટે નહીં જોવાય અને લાખો ભારતીયો ને સ્વાભિમાનપૂર્વક રોજીરોટી મળી રહે તેવાં સમાજ નું નિર્માણ કરી પુજય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ને શ્રધ્ધાંજલી અર્પણ કરાશે.

# નર્મદા જિલ્લામાં "રાષ્ટ્રિય પોષણ માહ"ની ઉજવણી દરમિયાન પોષણ સલાડ સ્પર્ધામાં ૭૨૮૫ જેટલી કિશોરીઓએ લીધેલો ભાગ

## આંગણવાડી કેન્દ્રોની આજુબાજુની ખૂલ્લી જયામાં ૫૧૩ ન્યુટ્રી ગાર્ડન બનાવાયા




## ૨૭ જેટલાં અતિ કુપોષિત બાળકોને સીએમટીસી/એનઆરસી ખાતે સારવાર માટે કરાયાં રિફર નર્મદા જિલ્લામાં રાષ્ટ્રિય પોષણ માહની ઉજવણી સફળતાપૂર્વક સંપન્ન

કમલમ દૈનિક, રાજપીપલા,

નર્મદા વિકાસ અધિકારીશ્રી ડૉ. જીન્સી વિલીયમના માર્ગદર્શન અને રાહબરી હેઠળ જિલ્લા પંચાયતની આઈસીડીએસ શાખા દ્વારા તા. ૧ લી સપ્ટેમ્બરથી તા. ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમિયાન નર્મદા જિલ્લાની દરેક આંગણવાડી કક્ષાએ "રાષ્ટ્રીય પોષણ માહ"ની કરાયેલી ઉજવણી અંતર્ગત કિશોરી, સગર્ભા માતા, ધાત્રીમાતા વગેરે લાભાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક હાથ ધરીને પોષણ માહની ઉજવણી સાર્થક કરાઈ છે. તદઅનુસાર, જિલ્લાના નાંદોદમાં-૭૫, ગરુડેશ્વરમાં-૪૭, દેડીયાપાડામાં-૨૨૭, સાગબારામાં-૮૫ અને તિલકવાડામાં-૭૯ સહિત કુલ-૫૧૩ આંગણવાડી કેન્દ્રની આજુબાજુમાં ખુલ્લી જગ્યામાં ન્યુટ્રી ગાર્ડન બનાવવામાં આવ્યા છે. તદઉપરાંત, પોષણ પંચાયત અંતર્ગત દરેક ગામના સરપંચશ્રી, તલાટીશ્રી, ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં બાળકો, કિશોરીઓ, સગર્ભા-ધાત્રીમાતાઓના પોષણ બાબતે નાંદોદમાં-૪૮, ગરુડેશ્વર માં-૩૮, દેડીયાપાડામાં-૪૬, સાગબારામાં-૨૪ અને તિલકવાડા માં-૩૦ જેટલી પોષણ પંચાયત યોજીને પોષણ બાબતે માર્ગદર્શન પુરૂં પડાયું હતું તેમજ પોષણ મેળો અંતર્ગત દરેક ગામમાં કિશોરીના પોષણ સંબંધિત નાંદોદમાં-૨૬, ગરૂડેશ્વરમાં- ૨૨, દેડીયાપાડામાં-૩૫,સાગબારામાં-૩૭,તિલકવાડા માં-૧૮ જેટલા પોષણ મેળા યોજાયા હતાં. જેમાં કિશોરીઓ દ્વારા વિવિધ પ્રવૃતિઓ અને હરીફાઈ કરવામાં આવી હોવા ઉપરાંત આરોગ્યલક્ષી સ્વચ્છતા અને પોષણ અંગેનું માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. તેવી જ રીતે વાનગી નિદર્શન અંતર્ગત કિશોરીઓ દ્વારા નાંદોદમાં-૯૭, ગરૂડેશ્વરમાં-૯૩, દેડીયાપાડામાં-૩૦૩, સાગબારામાં-૨૦૭ અને તિલકવાડામાં-૮૭ જેટલા આંગણવાડી કેન્દ્ર ખાતે જુદી જુદી વાનગી હરીફાઈ યોજીને મનુષ્યના આહારમાં પોષકતત્વોની ઉપયોગીતા સમજાવાઈ હતી. તદઉપરાંત, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાની ન્યુટ્રિશન ફેકલ્ટી દ્વારા વેબીનારના માધ્યમથી આઈસીડીએસ નાં અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને સગર્ભાવસ્થા-ધાત્રીવસ્થા દરમ્યાન ટીએચઆર દ્વારા જુદી જુદી વાનગી બનાવી પોષણક્ષમ આહાર અંગે માહિતગાર કરવામાં આવ્યાં છે. તે જ પ્રમાણે, પોષણ તોરણ અંતર્ગત કિશોરીઓ દ્વારા નાંદોદમાં-૨૪૫, ગરૂડેશ્વરમાં-૪૪૯, દેડીયાપાડામાં-૧૬૩, સાગબારામાં-૧૩૨ અને તિલકવાડામાં-૪૫ પોષણ તોરણ તૈયાર કરીને, જોખમી સગર્ભાઓ અને અતિ કુપોષિત બાળકોના ઘરે આ તોરણ લગાવડાવીને પોષણલક્ષી સંદેશાઓ ગુંજતા કરાયાં છે. તદઉપરાંત, જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ દ્વારા યોજાયેલી "પોષણ સલાડ સ્પર્ધા" માં ૭૨૮૫ જેટલી કિશોરીઓએ ભાગ લઈ ઉપલબ્ધ લીલા શાકભાજી દ્વારા જુદા જુદા પ્રકારના સલાડ બનાવવામાં આવ્યા હતાં. જ્યારે આંગણવાડી કેન્દ્રના કુલ ૨૭ જેટલા અતિ કુપોષિત બાળકોને સીએમટીસી/એનઆરસી ખાતે ૨૧ દિવસની તબીબી સારવાર માટે રિફર કરાયાં છે, તેમ પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઈસીડીએસ-નર્મદા તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જન્મજાત ખોડખાંપણ ધરાવતા દર્દીઓ માટે આહવા ખાતે યોજાયો વિના મુલ્યે નિદાન અને સારવાર કેમ્પ



કમલમ દૈનિક, આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા ખાતે કાર્યરત વનબંધુ આરોગ્ય ધામ ખાતે હાંસોટ સ્થિત કાકા બા હોસ્પીટલના સહયોગથી વિનામૂલ્યે મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ હતું. ગત તા. ૨૭ મી સપ્ટેમ્બરના રોજ આયોજિત આ કેમ્પમાં ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી ૮૭ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા. જન્મજાત ખોડખાંપણ જેવી કે, ફાટેલા હોઠ અને ફાટેલું તાળવું તથા દાઝેલા કે અકસ્માતે હાથ પગ ગુમાવનાર દર્દીઓનું આ કેમ્પમાં વિનામૂલ્યે નિદાન અને સારવાર હાથ ધરવામાં આવી હતી. નોંધાયેલ દર્દીઓ પૈકી ૭૦ દર્દીઓને વધુ સારવાર અર્થે કાકા બા હોસ્પિટલ, હાંસોટ ખાતે લઈ જવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે. આ કેમ્પના સફળ આયોજનમાં શિવારીમાળ સ્થિત માનવદાસ ચેરીટેબલ ટ્રસ્ટનું ઉલ્લેખનીય યોગદાન મળ્યું હતું.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028